# પ્રિ. પ્રાયમરી (ગુજરાતી માધ્યમ) નારાયણ ધ્વનિ (૨૦૨૨-૨૦૨૩)

૧૩/૬/૨૨ **પ્રવેશ મહોત્સવ:** નવા વર્ષના પ્રથમ દિવસે પૂર્વ પ્રાથમિક વિભાગના નાના ભુલકાંઓને કંકુ તિલક કરી મોં મીઠું કરાવી સ્વાગત કરવામાં આવ્યુ. બાળકોને સરસ રમતો રમાડી પ્રથમ દિવસની ઊજવણી કરવામા આવી.( સમગ્ર સ્ટાફ )







૨૧/૬/૨૨ **યોગ દિવસ** : યોગાનુ મહત્વ સમજાવી, રમત અને કસરત ધ્વારા રાષ્ટ્રીય યોગા ડે ની ઉજવણી કરી. ( સમગ્ર સ્ટાફ )






૨૫/૬/૨૨ **ક્રાફ્ટ એક્ટીવીટી:** નર્સરીના બાળકોએ રંગીન કાગળમાંથી છત્રી બનાવી. શિશુ-૧ ના બાળકો પાસે રંગીન કાગળમાંથી ફોટો ફ્રેમ બનાવડાવી. તેમજ શિશુ-૨ ના બાળકોએ રંગીન કાગળમાંથી સરસ મજાનુ બતક બનાવ્યુ હતુ. આ એક્ટીવીટીથી બાળકોને કાગળ વાળવું અને તેનો નવો આકાર બનાવવાની સમજ પડે છે. ( સમગ્ર સ્ટાફ )






૨/૭/૨૨ **3D મૂવી નિહાળી :** શિશુ-૧,૨, નર્સરીના બાળકોને લાયન ધ કિંગ અને જમ્બો મૂવી બતાવી અને તેમાથી વિવિધ પ્રાણીઓની ઓળખ કરાવી. તેમજ પ્રાણીઓ કેવી રીતે એકબીજાની મદદ કરી હળી મળીને જીવન જીવે છે. તેની સમજ આપી હતી. મૂવી દ્વારા બાળકોને ખૂબ મનોરંજન મળ્યું. ( સમગ્ર સ્ટાફ )





૬/૭/૨૨ **એક મિનીટ રમત:** આજ રોજ નર્સરીના બાળકોને ડીશ, ચમચી ગણતરીની રમત રમાડી હતી. શિશુ-૧ ના બાળકોને બોલ થ્રો ગેમ અને બાળકો ને પઝલ્સ ગોઠવણીની રમત રમાડી હતી. શિશુ-૨ ના બાળકોને ગ્લાસ પિરામીડ બોલ થ્રો રમત ચમચી વડે બેલેન્સ કરવાની રમતો રમાડી હતી. ( રેખાબેન )







૯,૧૦,૧૨/૭ /૨૨ **વાલી મિટીંગ:** વાલીઓની બાળકો પ્રત્યે અપેક્ષા,પોઝેટીવ પેરેન્ટીગની ચર્ચા થઇ તેમજ વાલીઓએ શાળા પ્રત્યેના પ્રતિભાવો રજુ કર્યા ( સમગ્ર સ્ટાફ )

   

૧૪/૭/૨૨ **ગૌરીવ્રત ઉજવણી:** બાાળાઓએ ગૌરીવ્રતને અનુરૂપ ગીતો ગાઇને ગૌરી વ્રતની ઉજવણી કરી.સાથે ફેશન શો થકી શિશુની વિદ્યાર્થીનીઓને ખૂબ જ મજા પડી(ધૃતિબેન)

    

૧૬/૭/૨૨ **છાપકામ:** નર્સરી, શિશુ-૧,૨ના બાળકોએ હાથ અને આંગળીઓની છાપ પાડી સરસ મજાના ફળ, અને શાકભાજીની આકૃતિ બનાવી હતી. (ક્રિસ્ટી બેલાબેન)

૨૯/૭/૨૨ **ટોસ ધ કલર એન્ડ જમ્પ:** આ રમતમાં બાળકોને અલગ અલગ રંગોની ઓળખ કરાવી. રંગબેરંગી બોકસ ઉછાળી જે કલર આવે તે કલર ના કાગળ પર જમ્પ કરાવી બાળકોને રંગની ઓળખ અને ઝડપથી નિર્ણય લેવાની સમજ આપવામા આવી હતી. (રિતીષાબેન)

   

૧/૮/૨૨ **વર્ષાઋતુની ઉજવણી:** બાળકો રંગબેરંગી છત્રી રેઇનકોટ પહેરી શાળામાં આવ્યા હતા. અને વર્ષાઋતુનાં ગીત સાથે ડાન્સ કરી વરસાદનાં પાણીમાં પલળીને વરસાદની મજા માણી હતી.આ ઉજવણીમાં બાળકો સાથે વાલીઓએ પણ ખૂબ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. (હિમાંગીનીબેન)

   

૮/૮/૨૨ **રક્ષાબંધનની ઉજવણી:** રક્ષાબંધનનો તહેવાર બહેન ભાઇનાં પ્રેમનાં પ્રતિક તરીકે ઉજવવામાં આવે છે. આ તહેવારમાં બહેન પોતાનાં ભાઇને રાખડી બાંધે છે. અને ભાઇ બહેનને સુંદર ભેટ આપી તેની રક્ષા કરવાનું વચન આપે છે. બાળકોને શિક્ષકો દ્વારા રક્ષાબંધનનું શું મહત્વ છે તે સમજાવી નાની બાળાઓ ના હાથે નાના ભાઇઓના હાથે રાખડી બંધાવી પર્વની ઉજવણી કરવામાંઆવી. (સમગ્ર સ્ટાફ)

   

૧૫/૮/૨૨ **સ્વાતંત્ર્ય દિનની ઉજવણી:** ૧૫ ઓગષ્ટના દિવસે બાળકોએ અલગ અલગ દેશનેતાના પહેરવેશ પહેરી દેશ નેતાઓની યાદ તાજી કરાવી હતી. જેમા બાળકો ઝાંસીકી રાની, ભગતસિંહ, સરોજની નાયડુ, ડૉ સીમારાવ, સાવિત્રીબાઇ ફુલે, વગેરે જેવા સ્વાતંત્ર્ય સેનાનીનો પહેરવેશ ધારણ કરી તેમના સૂત્રો અને નારાઓ બોલ્યા તેમજ શિશુ-૧,૨ અને નર્સરીના ભૂલકાંઓએ દેશભકિત ગીત પર સુંદર ડાન્સ કરી વાતાવરણને દેશભકિતમય બનાવ્યું હતું. (સમગ્ર સ્ટાફ)